# ભાજપમાં પીએમ પદ માટે કોલ્ડવોર નથી

હૈદરાબાદ, તા.૩

ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી અંગે ભાજપના વરિષ્ઠનેતા અડવાણીની ટિકા ટિપ્પણીથી ભારે વિવાદ ઉભો થયા બાદ પક્ષ પ્રમુખ રાજનાથસિંહે આજે કહ્યુ હતુ કે ભાજપમાં કોલ્ડ વોરની કોઈ સ્થિતિ નથી. નરેન્દ્ર મોદી ભારતના સૌથી લોકપ્રિય નેતા છે. અડવાણીના નિવેદનને ખોટી રીતે રજુ કરવામાં આવ્યુ છે. મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણ અને ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી વચ્ચે ભાજપના વરિષ્ઠનેતા દ્વારા કરવામાં આવેલી સરખામણી અંગે પુછવામાં આવતા રાજનાથસિંહે કહ્યુ હતુ કે અડવાણીના નિવેદનને ખોટી રીતે રજુ કરાયુ છે. વડાપ્રધાન પદના ઉમેદવારની પસંદગી અંગે ભાજપમાં કોલ્ડવોરની કોઈ સ્થિતિ નથી. જે કાંઈ પણ નિર્ણય લેવામાં આવશે તે નિર્ણય તમામને માન્ય રહેશે. કેન્દ્રિય સંસદીય બોર્ડની મિટિંગ બાદ આ નિર્ણય લેવામાં આવશે. ભાજપ વડાએ કહ્યુ હતુકે તેઓ એવો પુનરોચ્ચાર કરવા માંગે છે કે મોદી દેશમાં સૌથી લોકપ્રિય નેતા છે. તેઓ પહેલા પણ કહી ચુક્યા છે કે જો દેશમાં કોઈ નેતા લોકપ્રિય છે તો તે નરેન્દ્ર મોદી છે. તેમણે કહ્યુ હતુ કે મોદી સામે ચૌહાણનો ઉપયોગ અડવાણી કરી રહ્યા છે તેવા અહેવાલ ખોટા છે. સિંહે દાવો કર્યો હતો કે તમામ ભાજપ શાસિત રાજ્યો તેમના સંબંધિત આર્થિક પરિસ્થિતિનો વિકાસ કરી રહ્યા છે. મોદી સાથે ચૌહાણના વિકાસ મોડલની સરખામણી યોગ્ય નથી. ભાજપના વરિષ્ઠ નેતા અડવાણીના નિવેદનથી ફરી એકવાર રાજકીય વાતાવરણ ગરમ થઈ ચૂંકયુ છે. તેમણે પોતાના નિવેદનમાં મધ્યપ્રદેશના મુખ્યપ્રધાન શિવરાજ સિંહના ભરપેટ પ્રશંસા કરીને નરેન્દ્ર મોદી પર આડકતરી રીતે પ્રહારો કર્યા હતા. ત્યારબાદ રાજકીય વાતાવરણમાં તંગદિલી ઉભી થઈ ગઈ હતી. તેના સ્પષ્ટતાના ભાગરુપે પક્ષના અધ્યક્ષ રાજનાથ સિંહે અડવાણીના નિવેદન અંગે અડવાણીના અંગત વિચારો હોવાનું જણાવ્યું હતું અને નરેન્દ્ર મોદી સાથે કોઈ મતભેદ ના હોવાનો ખુલાસો કર્યો હતો. પક્ષના અધ્યક્ષ રાજનાથ સિંહે અડવાણીના નિવેદનને પક્ષપાતી ન ગણાવી તેમનો પોતાનો મત હોવાની વાત કરી હતી અને આ નિવેદનમાં શિવરાજ સિંહના વખાણ કરીને નરેન્દ્ર મોદીને નીચા પાડવાનો કોઈ ઈરાદો ન હતો તેવો ખુલાસો રાજનાથસિંહે આજે કર્યો હતો. રાજનાથસિંહે એમ પણ કહ્યુ હતુ કે નરેન્દ્ર મોદી પક્ષના મજબુત નેતા છે વડાપ્રધાન પદની સ્પર્ધામાં પણ તેમનું નામ આગળ હોવાની કબુલાત કરી હતી. ગુજરાતમાં નરેન્દ્ર મોદીના વિકાસ મોડેલ સહિત તેમની નેતૃત્વ શૈલીના કારણે પીએમ પદના દાવેદાર માટેની માંગ પક્ષમાં જોર પકડી હોવાનું જણાવ્યું હતું. સાથે જ રાજનાથે મધ્યપ્રદેશના મુખ્ય પ્રધાનની કામગીરી પર ખુશી વ્યકત કરી હતી, અને તેમના પણ સમર્થકો દ્વારા પીએમ પદના દાવેદાર તરીકેની માંગ કરી હોવાનું બહાર આવ્યું હતું.

## ગુજરાતના મુખ્યપ્રધાન નરેન્દ્ર મોદી નંબર -૧ છે : શિવરાજ

નવી દિલ્હી,તા. ૩

મધ્યપ્રદેશના મુખ્યપ્રધાન શિવરાજ સિંહ ચોહાણે આજે સ્પષ્ટતા



કરી હતી કે ગુજરાતના મુખ્યપ્રદાન નરેન્દ્ર મોદી નંબર નવ મુખ્યપ્રદાન છે જ્યારે છત્તિસગઢના મુખ્યપ્રધાન રમણસિંહ બીજા નંબરના મુખ્યપ્રધાન છે. શિવરાજે કહ્યું હતું કે તેઓ પોતે ત્રીજા નંબરના મુખ્યપ્રધાન છે. શિવરાજ સિંહે કહ્યું હતું કે મોદી તેમના મોટા ભાઈ સમાન છે.

ભાજપના વરિષ્ઠ નેતા અડવાણી અંગેના નિવેદનને ખોટી રીતે લેવામાં ન આવે તેવી અપીલ શિવરાજ સિંહે કરી હતી. અડવાણીના નિવેદન પર સ્પષ્ટતા કરતા કહ્યું હતું કે તેમની વચ્ચે કોઈ પણ પ્રકારના મતભેદ નથી. અડવાણીએ હાલમાં જ શિવરાજ સિંહ ચોહાણને ગુજરાતના મુખ્યપ્રધાન મોદી કરતા વધારે સારા મુખ્યપ્રધાન તરીકે ગણાવ્યા હતા. અત્રે નોંધનીય છે કે હાલમાં અડવાણીએ શિવરાજ સિંહ ચોહાણની સરખામણી ભૂતપૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયી સાથે કરી હતી. અડવાણીએ શિવરાજ સિંહ ચોહાણની સરખામણી મોદી સાથે કરતા કહ્યું હતું કે એકબાજુ નરેન્દ્ર મોદીએ પહેલાથી જ મજબુત ગુજરાતની સ્થિતીને વધારે મજબુત કરી છે.

## તેલંગાણા મામલે કોંગ્રેસ ત્વરિત નિર્ણય લેવા તૈયાર

નવીદિલ્હી,તા.૩

અસંતોષ અને બગડતી જતી રાજનીતિની પરિસ્થિતિ વચ્ચે તેલંગાણા મુદ્દે હવે કોંગ્રેસ નિર્ણય લે તેવા સંકેતો આપી રહી છે. તેલંગણા મુદ્દે રાજનીતિક માહોલને જોતાં આ મહિને કોંગ્રેસ નિર્ણય લઈ લેશે. કોંગ્રેસના મહાસચિવ અને આંધ્રપ્રદેશનાં પ્રભારી ગુલામનબી આઝાદે આ બાબતે સંકેતો આપ્યા છે.

આઝાદે કહ્યું હતું કે, કોંગ્રેસ આ મહિને તેલંગણા મુદ્દે કોઈપણ પરિણામ ઉપર પહોંચી શકે છે. કોઈપણ પરિણામ સુધી પહોંચતા પહેલાં પક્ષ તેનાં ઉપર ઘણો વિચાર કરશે અને ચર્ચા પણ કરશે. માનવામાં આવી રહ્યું છે કે, તેલંગણા મુદ્દે વધી રહેલાં અસંતોષને જોતાં પક્ષે હવે આ મુદ્દે નિર્ણય લેવા માટે મન મનાવી લીધું છે. અત્રે ઉલ્લેખનીય છે કે, છેલ્લાં દિવસોમાં આ મુદ્દે તેલંગણાના ત્રણ નેતાઓ પક્ષ છોડીને તેલંગાણા રાષ્ટ્ર સમિતિમાં જોડાઈ ગયા હતાં. કોંગ્રેસને હવે ચિંતા છે કે કેટલાંક વધારે નેતાઓ પણ કોંગ્રેસ છોડી ટીઆરએસમાં જોડાઈ શકે છે માટે કોંગ્રેસ માને છે કે આ પ્રશ્નને વધુ લાંબા સમય સુધી લટકાવી શકાય નહીં. સૂત્રોના જણાવ્યા મુજબ તેલંગાણા ક્ષેત્રનાં પક્ષનાં નેતાઓને થોડો સમય રાહ જોવાની અને પક્ષનાં નિર્ણયનો ઈંતેજાર કરવા કહ્યું છે. શનિવારે કોંગ્રેસની કોરગ્રુપની મિટિંગ મળી હતી જેમાં તેલંગાણાનો મુદ્દો ઉપસ્થિત થયો હતો જેમાં કેટલાંક નેતાઓએ તેલંગાણા મુદ્દે રાજ્યમાં વધી રહેલો અસંતોષના મુદ્દાની ચર્ચા કરી હતી. મિટિંગમાં એક જ મુદ્દા પર સહમતિ સધાઈ હતી કે, હવે આ મુદ્દે ખૂબજ ઝડપથી નિર્ણય કરવો જોઈએ. જો આ મુદ્દાને અનિર્ણિત રાખવામાં આવશે પક્ષને ખૂબજ મોટું નુકસાન થવાની શક્યતા છે જેની અસર આવનારી લોકસભા ચૂંટણીમાં પણ પડી શકે છે માટે ગુલામનબી આઝાદે સ્પષ્ટ સંકેતો આપી દીધાં છે આ મહિનાના અંત સુધી તેલંગાણા મુદ્દે નિર્ણય લેવાઈ જશે.

## સીબીઆઈને સંપૂર્ણ સ્વાયતતા હાલ નહીં મળે તેવી સંભાવના

નવી દિલ્હી,તા. ૩

સીબીઆઈને સંપૂર્ણ સ્વાયતતા નહીં મળે તેવા સ્પષ્ટ સંકેત મળી રહ્યા છે. કારણ કે સરકારે દિલ્હી સ્પેશિયલ પોલીસ એસ્ટેબલીસમેન્ટ એક્ટ (ડીએસપીઈ)ની જોગવાઈમાં નજીવા ફેરફાર કરવાની જ તૈયારી કરી છે. ઉચ્ચસ્તરીય સૂત્રોનું કહેવું છે કે જો ગ્રૂપ ઓફ મિનિસ્ટર પોતાની રીતે આગળ વધશે તો સીબીઆઈને સંપૂર્ણપણે સ્વાયતતા મળવાની કોઈ શક્યતા દેખાઈ રહી નથી. સૂત્રોનું કહેવું છે કે સીબીઆઈને સંપૂર્ણ સ્વાયતતા આપવાની હિલચાલ હાલમાં જ શરૂ થઈ હતી પરંતુ સીબીઆઈને સંપૂર્ણ સાયતતા મળે તેવા સંકેત દેખાઈ રહ્યા નથી. ગ્રૂપ ઓફ મિનિસ્ટરની કેટલીક બેઠકો યોજાઈ ચૂકી છે. આ દિશામાં ડીએસપીઈની જોગવાઈમાં વધારે સુધારા કરવામાં આવે તેવા કોઈ સંકેત દેખાઈ રહ્યા નથી. બેઠકો પૈકીની એકમાં ઉપસ્થિત રહેલા એટર્ની જનરલ ગુલામ વહાણવટીને ડીએસપીઈ એકટમાં સૂચિત સુધારાની વિગતો આપવા સુપ્રીમ કોર્ટ સમક્ષ રજૂ કરવા એક એફિડેવીટ તૈયાર કરવા સૂચના આપવામાં આવી છે. ડીએસપીઈ એક્ટ હેઠળ સીબીઆઈ માત્ર આ જોગવાઈ હેઠળ કેન્દ્ર સરકાર દ્વારા નક્કી કરવામાં આવેલા ચોક્કસ ગુનાઓમાં જ તપાસ કરી શકે છે. પરંતુ સૂચિત બિલમાં રાજ્ય સરકારોની પરવાનગી લીધા વગર અન્ય કેસોમાં તપાસ કરવાની સત્તા આપવાની પણ જોગવાઈ કરવામાં આવી છે. એજન્સીએ સરકાર સમક્ષ ૨૦૧૦માં એક બિલ સુપરત કર્યું હતું અને કહ્યું હતું કે ડીએસપીઈ એક્ટમાં બદલાઈ રહેલા ગુનાઓના સ્વરૂપને જોતા તેને પૂરતી મદદ મળી રહી નથી. આ બિલમાં અન્ય કેટલીક જોગવાઈ પણ રહેલી છે. આમા સીબીઆઈના અધિકાર ક્ષેત્ર, તેને ડિરેક્ટરની પસંદગી પ્રક્રિયા, સંસ્થાકીય માળખા, રાજ્યોના બ્યુરોના અધિકાર ક્ષેત્ર અને સત્તાઓના વિસ્તરણ, અન્યોમાં બ્યુરોના અધિકારીઓની ભૂમિકાનો પણ સમાવેશ થાય છે. જો કે સરકાર આ તમામ સુધારા કરવા માટે ઈચ્છુક દેખાઈ રહી નથી. આના બદલામાં જીઓએમ દ્વારા વર્તમાન વ્યવસ્થામાં સીબીઆઈના વડાને કેટલીક વધુ નાણાંકીય સત્તાઓની વાત કરવામાં આવી છે. નજીવા ખર્ચની પણ વાત કરાઈ છે. જીઓએમની છેલ્લી બેઠકમાં એવી સ્થિતિ ઊભરીને આવી હતી કે વધારે ફેરફાર યોગ્ય નથી. ડીએસપીએસઈમાં નજીવા ફેરફાર પૂરતા રહેશે. સીબીઆઈ કેડરના અધિકારીઓને સિનીયર સ્તર ઉપર બઢતીના મુદ્દા ઉપર કેટલાક જીઓએમના સભ્યો વાંધો ઉઠાવી રહ્યા છે. તેમનું કહેવું છે કે આઈપીએસ અધિકારીઓએ એજન્સીમાં સીનિયર પોઝિસન જાળવી રાખવી જોઈએ કારણ કે તેઓ વધારે અનુભવ કેન્દ્ર અને રાજ્યોની કામગીરીનો ધરાવે છે. અત્રે ઉલ્લેખનીય છે કે સુપ્રીમ કોર્ટે કોલસા બ્લોક ફાળવણી કૌભાંડના સંબંધમાં કેન્દ્ર સરકાર અને સીબીઆઈની જોરદાર ઝાટકણી કાઢ્યા બાદ વડાપ્રધાન મનમોહનસિંહે મુસદા બિલ તૈયાર કરવા જીઓએમની રચના કરી હતી. બહારના પ્રભુત્વમાંથી સીબીઆઈને બચાવવાનો આની પાછળ હેતુ હતો.

## અમિતાભ અને જયાના લગ્નને ૪૦ વર્ષ પૂર્ણ થયા

મુંબઈ,તા.૩

બોલીવુડના મહાનાયક અમિતાભ બચ્ચન અને જયા ભાદુરીના લગ્નજીવને ચાર દાયકાનો સમય પસાર કરી લીધો છે.

અમિતાભે માઈક્રોબ્લોગિંગ ટ્વિટર પર લખ્યું છે કે અમે એ તમામ લોકોના આભારી છીએ જેમણે અમારા લગ્નની વર્ષગાંઠ નિમિત્તે અમને શુભકામના પાઠવી છે. બીગબીએ આગળ લખ્યું છે કે તમામ લોકોને અમારો પ્રેમ આર્શીવાદ અને ધન્યવાદ.

અમિતાભે આગળ લખ્યું છે કે ૪૦ વર્ષ એક લાંબા જીવનકાળ સમાન છે. મેં અને જયાએ ૪૦ વર્ષ અગાઉ ૩ જૂન, ૧૯૭૩એ લગ્ન કર્યા હતા. અમે એકબીજાને વચન આપ્યું હતું કે જો અમારી ફિલ્મ ‘ઝંઝીર’ સફળ થશે તો અમે લગ્ન કરી લઈશું. અમે અમારું વચન પુરું કર્યું. બે બાળકો ત્રણ પૌત્ર અને પૌત્રીઓ, પુત્રવધુ, જમાઈ સ્વરૂપે ઈશ્વરે અમને એટલું બધુ આપ્યું છે કે ખરા હૃદયથી તેમનો આભર માનીએ છીએ.

અમિતાભ અને જયા ભાદુરી વચ્ચે ‘ગુડ્ડી’ ફિલ્મના નિર્માણ દરમિયાન પ્રેમ થઈ ગયો હતો. અમિતાભ અને જયાએ ‘અભિમાન, ચુપકે-ચુપકે, શોલે, ઝંઝીર, સિલસિલા’ જેવી ઘણી ફિલ્મોમાં સાથે કામ કર્યુ છે. તેમની કેમેસ્ટ્રી પડદા પર ઘણી વખણાતી હતી. પરંતુ લગ્ન બાદ જયા ભાદુરીએ ફિલ્મોમાં કામ કરવાનું છોડી દીધું હતું અને પોતાની જાતને પતિ અને બાળકો પુરતી મર્યાદીત બનાવી દીધી હતી. ઘણાં લાંબા સમય પછી અમિતાભ સાથે તેણે ‘કભી ખુશી કભી ગમ’ જેવી ફિલ્મમાં કામ કર્યુ હતું.

## યે જવાની હે દિવાનીની ૬૨.૭૫ કરોડની કમાણી

મુંબઈ, તા.૩

શુક્રવારે રિલિઝ થયેલી રણબીર અને દિપિકા અભિનીત ફિલ્મ "યે જવાની હે દીવાની" ઝડપથી ૧૦૦ કરોડનો બિઝનેસ કરશે તે દિશામાં આગળ વધી રહી છે. આ ફિલ્મે પ્રથમ સપ્તાહમાં જ ૬૨.૭૫ કરોડનો બિઝનેસ કરીને ધુમ મચાવી દીધી છે.



ફિલ્મોના નિષ્ણાતોનું માનવું છે કે આ ફિલ્મે સુપરસ્ટાર સલમાનની દબંગ-૨નો રેકોર્ડ તોડી દીધો છે. સલમાન ખાન અભિનીત દબંગ-૨ને શરૂઆતમાં ખૂબ સારી સફળતા મળી હતી. યુવા પેઢીમાં લોકપ્રિય રણબીર અને દિપીકાની જોડી પણ નવા રેકોર્ડ સર્જવાની દિશામાં આગળ વધી રહી છે. વેકેશન હોવાથી આ ફિલ્મ સારી કમાણી કરી રહી છે. રણબીર કપૂરની એનર્જી ફિલ્મમાં લોકોને ખુબ પસંદ પડી છે. તેની ભૂતપૂર્વ ગર્લફ્રેન્ડ દિપીકા ફિલ્મમાં પણ તેની પ્રેમીકાની ભૂમિકામાં ખૂબ જામી છે.

આર્યન મુખરજી દિગ્દર્શિત આ ફિલ્મે પ્રથમ દિવસે ૧૯.૪૫ કરોડ,શનિવારે ૨૦.૧૬ કરોડ, રવિવારે ૨૨.૫૦ કરોડની જંગી કમાણી કરી છે. ડિઝની યુટીવીના ડિરેકટર ગૌરવ વર્મા આ ફિલ્મને ફકત દેશમાં જ નહી પરતુ કેરાલા અને તમિલનાડુ કે જયાં હીન્દી ફિલ્મની બોલબાલા નથી ત્યાં પણ ધૂમ કમાણી કરી રહી હોવાનું જણાવ્યું હતું. જાણીતા ફિલ્મ નિષ્ણાત તરુણ આદર્શ ફિલ્મને જબરજસ્ત ઓપનીંગ તરીકે નવાજી હતી. તેમના મતે વર્ષે ૨૦૧૩માં અત્યાર સુધીની સૌથી ધમાકેદાર ઓપનીંગ કરતી ફિલ્મ ગણાવી હતી.

આ અગાઉ પણ રણબીર કપૂરની ફિલ્મ 'બરફી' એ ૧૦૦ કરોડનો બિઝનેસ કરીને ધુમ કમાણી કરી હતી. આ ફિલ્મમાં બ્રેકઅપ બાદ પ્રથમ વાર રણબીર-દિપિકાની જોડી જોવા મળી હતી. અને દર્શકોને આ ફિલ્મમાં બંનેની કેમેસ્ટ્રી ખુબ જ પસંદ પડી છે. અને આવનાર ભવિષ્યમાં આ ફિલ્મ વધુ કમાણી કરી શકે તેવું જોવા મળી રહ્યું છે.

## બેંક ગ્રાહકોને યુનિક આઈડી આપવાની મહેતલ વધારાઈ

નવી દિલ્હી,તા. ૩

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ તેમના કસ્ટમરોને યુનિક કસ્ટમર આઈડી નંબર ફાળવવાની પ્રક્રિયા પૂર્ણ કરવા બેંકોને મહેતલ લંબાવી દીધી છે. કસ્ટમરોને યુનિક આઈડી નંબર આપવા બેંકો માટેની સમય મર્યાદા ૩૧મી માર્ચ ૨૦૧૪ કરી દીધી છે. જો કે બેંકોને નવા સંબંધો શરૂ કરતી વેળા તમામ કસ્ટમરોને યુનિક કસ્ટમર આઈડેન્ટીફિકેશન કોડ આપવાના રહેશે. આરબીઆઈએ કહ્યું છે કે જુદા જુદા કારણોસર યુસીઆઈસીને અમલી બનાવવા કેટલીક બેંકોએ મુશ્કેલી અનુભવ કરી છે અને આ બંકોએ તેમના ખાતા ધારકોને યુનિક કસ્ટમર આઈડેન્ટીફિકેશન કોડ (યુસીઆઈસી) ફાળવવા વધારે સમયની માંગ કરી હતી. ઘણી બધી બાબતોને ધ્યાનમાં લઈને આરબીઆઈએ બેંકોને વધારે મહેતલ આપી છે.

હવે ૩૧મી માર્ચ ૨૦૧૪ સુધી પ્રવર્તમાન કસ્ટમરોને યુસીઆઈસીની ફાળવણીની પ્રક્રિયા પૂરી કરવા માટે સમય આપવામાં આવ્યો છે. જો કે રિઝર્વ બેંકે કહ્યું છે કે યુસીઆઈસી નવા સંબંધ શરૂ કરતી વેળા તમામ કસ્ટમરોને આપવામાં આવે તે જરૂરી છે. નવું જાહેરનામું જારી કરી દેવામાં આવ્યું છે. આરબીઆઈએ છેલ્લે બેંકોને મહત્વપૂર્ણ સૂચના આપવામાં આવ્યા બાદ આ બેંકોને હવે ઝડપથી પ્રક્રિયા હાથ ધરવી પડશે.

યુસીઆઈસીનો મુખ્ય હેતુ કસ્ટમરોની ઓળખ કરવા, તેમની માહિતી એકત્રિત કરવા અને નાણાંકીય લેવડ દેવડ ઉપર નજર રાખવાનો છે. આનાથી કસ્ટમરો માટે બેંકીંગ ઓપરેશન પણ વધારે સાનુકૂળ બની જશે. જાણકાર નિષ્ણાંતોનું કહેવું છે કે આરબીઆઈની આ પ્રક્રિયા લાંબાગાળે ઘણો ફાયદો કરાવશે. જ્યારે આ પ્રક્રિયા શરૂ કરવાની હિલચાલ શરૂ થઈ ત્યારથી જ આને લઈને કસ્ટમરોમાં ચર્ચા હતી.

## સમાચાર ઝલક

- પર્વતીય રાજ્યો માટે સરકાર તરફથી વિશેષ પેકેજ બહાર પડાશે.
- દક્ષિણમાં સમયસર મેઘરાજાનાં આગમનથી રાહત લેતો જગતનો તાત.
- તુર્કસ્તાનમાં જબરદસ્ત દેખાવો કરતાં ઇસ્તાંબુલ વાસીઓ.
- કેગનાં સુપ્રીમો શર્માની નિમણૂંક સામે સુપ્રીમમાં અરજી દાખલ.
- મોસ્કોની એક બેંકમાંથી લાખો ડોલર ચોર ઉપાડી ગયો.
- સમગ્ર વિશ્વમાં શેરબજારમાં મંદીનો રૂખ.
- ભારતમાં ટેલિવિઝનના પડદે પંડિત બિરજુ મહારાજ અને માધુરી દિક્ષિત પ્રથમવાર નૃત્ય કરશે.
- અમદાવાદમાં આડે ફ્રુડીસ-ડેની ઉજવણી થશે.
- વેકેશન ગાળી રહેલી ઐશ્વર્યાએ લંડનમાં ભરપૂર શોપિંગ કરી.
- છત્તીસગઢમાં માઓવાદીઓએ કરેલા હુમલાનાં સ્થળ પરથી પરિવર્તન યાત્રા પુનઃ શરૂ કરાશે.
- કેન્દ્રના કર્મચારીઓની નિવૃત્તિ વયમર્યાદા લોકસભાની ચૂંટણી અગાઉ ૬૨ વર્ષ કરાશે. નાણાં વિભાગે મંજુરી આપી, કેબીનેટ નિર્ણય લેશે.
- હવેથી પેટ્રોલ પંપ ઉપર હવા ભરવાનો ચાર્જ લાગશે.
- માસૂમ બાળકોને હાર્ટની તકલીફમાં મદદ કરતી સંસ્થાને સલમાનખાને રૂા. ૧૦ કરોડનું દાન કર્યું.
- મોરબીમાં ધોમધખતાં તાપમાં સંસારની સુખાકારી માટે આકરૂં તપ કરતાં સાધુ.
- ઉનાનાં ડમાસા ગામે કુવામાંથી ચલણી નોટો ભરેલો થેલો મળ્યો.
- થાપણો પર ઇન્કમટેક્ષ ભરવાનો છે કે નહિ તેની સ્પષ્ટતા માટે બેંકોએ પાવતી મેળવીને પત્ર ગ્રાહકોનો પાઠવવો પડશે.
- ટીવી અને ફિલ્મોનાં અભિનેતા ૩૫ વર્ષીય અબીર ગૌસ્વામીનું હાર્ટ એટેકથી મોત.
- જેલની અસર વર્તાવા લાગી ! મેચ ફિક્સર શ્રીસંતનું વજન આઠ કિલો ઓછું થયું.
- આણંદ જિલ્લાના નાપાવાટા ગામે પૂર્વ સરપંચએ પોતાનો જન્મદિવસ ગરીબ ઘરની ૧૧ દિકરીઓનાં લગ્ન કરાવીને ઉજવ્યો.

## ટોપ કારોબારીના પગાર સ્લીપને હવે સ્કેન કરાશે

આવકવેરા વિભાગે ટીડીએસ માટે ટોચના કારોબારીઓના પગારસ્લીપને સ્કેન કરવાનો નિર્ણય કર્યો છે. આવકવેરા વિભાગે મોટી કોર્પોરેટ કંપનીઓ અને પીએસયુના ટોચના કારોબારીઓના પગાર સ્લીપને સ્કેન કરવામાં આવશે. આનો મુખ્ય હેતુ લાભ અને અન્ય ભથ્થાઓમાં છુપા ટેક્સના મામલામાં તપાસ કરી શકાશે. ટોચના આઈટી અને સીબીડીટીના અધિકારીઓ સાથેની વાતચીત દરમિયાન વિભાગે ટીડીએસને મજબુત કરવાનો નિર્ણય કર્યો હતો. કર્મચારીઓના પગારમાંથી મળતા ટીડીએસને વધુ અસરકારક બનાવવામાં આવશે. આ કેટેગરી હેઠળ વધુ મહેસૂલી રકમ એકત્રિત કરવામાં આવનાર છે. નાણાંકીય વર્ષ ૨૦૧૨-૧૩ દરમિયાન ટીડીએસ કેટેગરી હેઠળ ૨૩૦૧૮૮ કરોડની ટેક્સ વસૂલાત કરવામાં આવી હતી. જ્યારે કુલ પ્રત્યક્ષ કરવેરા વસૂલાતની રકમ ૫૫૮૯૭૦ કરોડ હતી.

## ચીનના એક પોલ્ટ્રી પ્લાન્ટમાં આગથી ૧૧૨ બળીને ભડથુ

બેજિંગ,તા. ૩

ચીનમાં આજે એક પોલ્ટ્રી પ્લાન્ટમાં વિનાશક આગ ફાટી નિકળતા ઓછામાં ઓછાં ૧૧૨ લોકો બળીને ભડથુ થઈ ગયા હતા અન્ય અનેક લોકો દાજી ગયા હતા. જે પૈકી કેટલાકની હાલત ગંભીર જણાવવામાં આવી છે. જેથી મોતનો આંકડો વધે તેવી શકયતા છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે જિલિન પ્રાંતના દેહુઈમાં પોલ્ટ્રી પ્લાન્ટમાં આગ ફાટી નિકળી હતી. બનાવની જાણ થયા બાદ તરત જ બચાવ અને રાહત કામગીરી હાથ ધરવામાં આવી હતી. દાજી ગયેલા લોકોને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. છેલ્લા સમાચાર મળ્યા ત્યારે પણ આગ પર સંપૂર્ણ કાબુ મેળવી શકાયો ન હતો. એવા પણ અહેવાલ મળ્યા છે કે આગ લાગી જતા પહેલા ત્રણ મોટા ધડાકા થયા હતા. ઈલેક્ટ્રિકલ સિસ્ટમમાં બ્લાસ્ટ થયા હતા. વિનાશકારી આગ ફાટી નિકળ્યા બાદ આશરે ૧૦૦ કર્મચારીઓ પ્લાન્ટમાંથી સુરક્ષિત રીતે બહાર નિકળી જવામાં સફળ રહ્યા હતા. પ્લાન્ટની હાલત પહેલાથી જ સારી ન હતી. બચાવ અને રાહત કામગારીમાં ભારે અડચણો થઈ હતી. લોકોને બહાર કાઢવામાં ભારે તકલીફનો સામનો કરવો પડ્યો હતો. આ પ્લાન્ટમાં માલિકી અધિકાર ધરાવનાર કંપની પ્રોસેસ્ડ ચિકનની એક મોટી ઉત્પાદક કંપની છે. આને આમાં આશરે ૧૦૦૦ કર્મચારી કામ કરે છે. ચીનની વેબસાઈટ દ્વારા બનાવ અંગે કેટલાક ફોટાઓ જારી કરવામાં આવ્યા છે જેમાં પ્લાન્ટની ઈમારતમાંથી ધુમાડા બહાર નિકળી રહ્યા છે. ફાયર બ્રિગેડની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતા. ફોટાઓમાં ફાયર બ્રિગેડની ટીમ અને તેમની ગાડીઓ સ્પષ્ટ પણે નજરે પડી રહી છે. ચીનમાં આગની ઘટના, ખાણમાં બનાવો વારંવાર બને છે. કારણ કે ચીનમાં સુરક્ષા પાસાઓ સાથે સંબંધિત ધારાધોરણ ખુબ નબળા છે. જેના કારણે ચીનમાં મોટા પ્લાન્ટ અને ખાણમાં વારંવાર આ પ્રકારના બનાવો બને છે. ચીનમાં આજે સવારે બનેલી આગ લાગવાની ઘટનામાં મોતનો આંકડો હજુ વધી શકે છે. કારણ કે દાજી ગયેલા લોકો પૈકી કેટલાકની હાલત ખુબ ગંભીર છે તેમ હોસ્પિટલના સુત્રોએ માહિતી આપતા કહ્યું છે.



## કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીની ખાતરી

## ગ્રામિણ આજીવીકા મિશનનું અમલીકરણ વધુ તીવ્ર કરાશે

નવી દિલ્હી,તા. ૩

યુપીએ સરકારની ગ્રામિણ આજીવીકા સ્કીમને મળી રહેલા ખૂબ સારા પ્રતિસાદ અંગે કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીએ આજે દેશભરમાં આજીવીકા મિશનને અમલી બનાવવાની રજુઆત કરી હતી. ખાસ કરીને મધ્ય અને પૂર્વિય ભાગમાં આને વહેલીતકે અમલી બનાવવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. લોકસભાની ચૂંટણી આગામી વર્ષની શરૂઆતમાં યોજાનાર છે ત્યારે સોનિયા ગાંધીએ આ મુજબની પ્રતિક્રિયા આપી છે. ભાજપ શાસિત મધ્યપ્રદેશ અને છત્તીસગઢ સહિત પાંચ રાજયોમાં વિધાનસભાની ચૂંટણી પણ યોજાનાર છે. નેશનલ રૂરલ લાઈવ્લી હુડ મિશનની બીજી વર્ષગાઠના પ્રસંગે સંબોધનમાં સોનિયા ગાંધીએ ગરીબી નાબૂદીની વાત કરી હતી અને કહ્યુ હતુ કે નબળા વર્ગો અને મહિલાઓને વધુ સત્તા આપવા યુપીએ સરકારની હંમેશા નીતિ રહી છે. કોંગ્રેસ પ્રમુખે વિરોધ પક્ષોની ઝાડકણી પણ કાઢી હતી અને કહ્યુ હતુ કે યુપીએ સરકાર ખૂબ ઝડપથી લોકલક્ષી પગલા લઈ રહી છે. આવા પગલાઓને પ્રોત્સાહન આપવા ઉત્તરાખંડ અને હિમાચલ પ્રદેશ જેવા પહાડી રાજ્યો તથા ઉત્તર પૂર્વિય રાજ્યો માટે ખાસ પેકેજ તૈયાર કરવામાં આવનાર છે. તેમણે ઉમેર્યુ હતુ કે આગામી ૧૦ વર્ષમાં સાત કરોડ બીપીએલ પરિવારોને ગરીબીથી મુક્ત કરવામાં આવશે જે સરળ કામ નથી. આજીવીકા મિશનને હાથ ધરીને ઘણા રાજ્યોએ સાબિત કર્યુ છે કે મહિલાઓને વધારે સત્તાઓ આપવામાં આવી રહી છે. સાત કરોડ બીપીએલ પરિવારોને આવરી લેવાની યોજના તૈયાર કરવામાં આવી છે. ૬૦૦ જિલ્લા, ૬૦૦૦ તાલુકા, ૨.૫ લાખ ગ્રામપંચાયતને આવરી લેવાની યોજના છે.